# <u>ખાસ શરતો (Special Condition)</u>

**[1]** સદર કામમાં જમા કરાવવાની થતી મંજુર થયેલ ટેન્ડર રકમ જમા કરાવ્યા બાદ જ વર્ક ઓર્ડર આપવામાં આવશે.

**[2]** સદર કામમાં જમા કરાવેલ મંજુર થયેલ ટેન્ડર રકમ કોઈપણ સંજોગોમાં પરત મળશે નહી

**[3]** જે ઈજારદારશ્રીનુ ટેન્ડર મંજુર થશે તેને સદર કામની જામીનગીરી અનામત પેટે રૂા.૩૧૦૦૦/– (અંકે રૂપિયા એકત્રીસ હજાર પુરા) ની એફ.ડી.આર. જમા કરાવવાની રહેશે. જે કામ પુર્ણ થયાના ૬ માસ બાદ પરત કરવામાં આવશે.

**[4]** જો એક સરખા ભાવ આવશો તો કવોટેશન પધ્ધતીથી ટેન્ડર મંજુર કરવામાં આવશે.

**[5]** ટેન્ડર મંજુર કે ના–મંજુર કરવાની સત્તા આ કચેરીને અબાધિત રહેશે.

**[6]** સદર કામગીરીમાં કાટમાળને સંપુર્ણ પણે દુર કરી યોગ્ય જગ્યાએ નિકાલ કરવાનો રહેશે. તેમજ ઉપજતી ક્રેડીટ આઈટમ અને ડીમોલીશન સ્ક્રેપ ઈજારદારશ્રી ધ્વારા સ્થળ પરથી સ્વખર્ચે દુર કરી હયાત ગ્રાઉન્ડ લેવલ પર ગ્રાઉન્ડ સમતળ કરી આપવાનું રહેશે. સદર કામગીરીમાં માત્ર ડીમોલીશનની કામગીરી કરવાની રહેશે.

**[7]** સદર કામગીરીમાં મળેલ જરૂરી સામાનને ઈજારદારશ્રી ધ્વારા નાગરિકોને નડતરરૂપ ના થાય તેવી યોગ્ય જગ્યાએ ખસેડવાનો રહેશે તથા બિનજરૂરી મટેરીયલ્સનો પણ નાગરિકોને નડતરરૂપ ના થાય તેવી અન્ય જગ્યાએ નિકાલ કરવાનો રહેશે તથા ઈજારદારશ્રીએ ટેન્ડરની અપસેટ કિંમત કરતા નીંચા ભાવો ગ્રાહય રાખવામાં (મંજુર કરવામાં) આવશે નહી.

**[8]** સદર કામગીરીનો વર્ક ઓર્ડર મેળવેથી કામગીરીનુ આખરી ચુકવણું ન થાય ત્યાં સુધી તમામ લેબર સેફટી તથા લેબર ઈન્સ્યોરન્સ સુનિશ્ચીત કરવાની જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

**નાયબ કાર્યપાલક ઈજનેર**
**માર્ગ અને મકાન પેટા વિભાગ**
**હારીજ**